## જન્મદિને વધામણી



જય તેજસભાઈ લવિંગીયા
મો. ૯૮૯૮૦ ૪૬૨૧૬



બ્રિન્દા ભાવિનભાઈ લવિંગીયા
મો. ૯૪૨૬૪ ૧૭૮૪૮

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન - ૨**
પેડમેન
૧૨.૩૦, ૩.૩૦
૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
પેડમેન
૧૧.૦૦, ૨.૦૦
૫.૦૦, ૮.૦૦

**સ્ક્રીન-૪**
પેડમેન
સવારે ૧૦.૦૦
ટાઈગર ઝીંદા હૈ
૧.૦૦
ચાલ મન જીતવા જઈએ (ગુજરાતી)
૪.૦૦, ૭.૧૫
લવની ભવાઈ (ગુજરાતી)
૯.૩૦

### માતા-પિતા જ સાચા વેલેન્ટાઈન

# શ્રી સ્વામિનારાયણ ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેક્નોલોજીમાં માતૃ-પિતૃ વંદના દિવસ







ગાંધીનગર, તા. ૧૪

શ્રી સ્વામિનારાયણ ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી, ભાટ ખાતે આજે માતૃ-પિતૃ વંદના દિવસ વિદ્યાર્થીઓ દ્વારા ઉજવવામાં આવ્યો હતો. આજે ભારતનાં યુવાનો પાશ્ચાત્ય સંસ્કૃતિ ના અનુકરણ અને કાર્ડ-ચોકલેટ કંપની દ્વારા માર્કેટિંગ વડે ૧૪-ફેબ્રુઆરીને વેલેન્ટાઈન નાં નામે ભટકાતા કરે છે ત્યારે એક દ્રષ્ટાંત રૂપે એસ.એસ.આઈ.ટી. એન્જીનીયરીંગ કોલેજ નાં વિદ્યાર્થીઓ દ્વારા માતા-પિતા નું ભારતીય સંસ્કૃતિ નાં પરંપરા મુજબ તિલક, ચરણ-પૂજન અને પ્રદક્ષિણા કરી કર્યું હતું. આ પ્રસંગે મુખ્ય મહેમાન શ્રી ભરત ગઢવી અને શ્રી અંકિત રાવલ દ્વારા વિધાર્થીઓ ને સમજવ્યું હતું કે આજની મોઘવારીમાં પણ સર્વદુખ સહન કરી ને માં-બાપ બાળક નાં દરેક સુખ માટે ૨૪ કલાક તત્પર રહે છે, બાળક ભણી-ગણી ભલે ડૉક્ટર-એન્જીનીયર કે શ્રેષ્ઠ ધનવાન બને પણ જ્યારે તે માં-બાપ બને ત્યારે જ માતા-પિતાનું મૂલ્ય સમજી શકે છે. માં-બાપ નું ઋણ ચૂકવવું સ્વયં ભગવાન દ્વારા પણ શક્ય નથી. માતૃ-પિતૃ પૂજન દરમ્યાન જ્યારે બાળકોએ પ્રદક્ષિણા કરી ચરણ સ્પર્શ કરી આશીર્વાદ માગ્યા ત્યારે માતા-પિતા ભાવુક થઈ અશ્રુભીની આંખે બાળકોને ભેટી પડ્યા હતા. આ દ્રશ્યથી કેમ્પસનું સમગ્ર વાતાવરણ ભાવવિભોર થઈ ગયું હતું. વક્તાશ્રીએ કહ્યું હતું કે ગણેશ ભગવાન દ્વારા માતા-પિતાની પ્રદક્ષિણા દ્વારા પૂરા બ્રહ્માંડની યાત્રા કરી, જેના આશીર્વાદ સ્વરૂપે આજે ગણેશજીની દરેક ધાર્મિક-વિધિમાં સર્વપ્રથમ પૂજાય છે. આમ માતા-પિતા નાં આશીર્વાદ માં વિશેષ શકિત રહેલી છે. જેની પ્રેરણા સ્વરૂપે આજના દિવસે કોલેજના વિદ્યાર્થીઓએ પ્રતિજ્ઞા લીધી કે હવે દરરોજ માતા-પિતાનાં આશીર્વાદ લઈ ઘરનો ઉંબરો ઓળંગીશું.આવો કાર્યક્રમ કોલેજ ખાતે શ્રી સ્વામિનારાયણ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી દ્વારા સૌપ્રથમ થયેલ છે. આ સંસ્થા ઉચ્ચ શિક્ષણ સાથે સંસ્કાર દ્વારા ભાવી યુવાનોનો સર્વાંગી વિકાસ કરી રાષ્ટ્ર વિકાસ માં વિશેષ ફાળો આપે છે.

સંસ્થાના ટ્રસ્ટી શ્રી રામકૃષ્ણસ્વામી અને શ્રી અક્ષરપ્રકાશ સ્વામી દ્વારા આ પ્રકારના સંસ્કાર દરેક કોલેજમાં અપાય અને આ યુવાનોને પરિવાર અને રાષ્ટ્ર પ્રેમની ભાવના જાગે તો ખરા અર્થમાં ભારત ન્યુ-ઈન્ડિયા બનશે. આજે જ્યારે રૂઢિચુસ્ત એવા આબુધાબીમાં જો હિન્દુ મંદિરોની સ્થાપના થતી હોય તો જરૂરી છે કે ભારત નાં દરેક ઘરમાં સંસ્કાર, ભારતીય સંસ્કૃતિ સચવાય અને તેનું સિંચન થાય એ હાલ નાં સમય ની જરૂરિયાત છે.

આ સાથે કોલેજ થેલેસેમિયા જેવા ભયંકર રોગ વિષે માહિતી અને તેના ચેક-અપ કેમ્પનું આયોજન કરેલું હતું. આજના ફાસ્ટ જમાનામાં શહેરોમાં જ્યારે અકસ્માતોનાં ખૂબ બનાવો બને છે, આવા સમયે શહેરીજનો અને યુવાનોમાં રક્તદાનની આદત પડે તો ઘણા વ્યક્તિઓના જીવ અને પરિવાર બચાવી શકાય. કોલેજમાં ઉમળકાભેર ૧૦૦થી વધુ વિદ્યાર્થી અને સ્ટાફમિત્રો દ્વારા રક્તદાન કરવામાં આવ્યું હતું. અંતમાં સંસ્થાના ડાયરેક્ટર શ્રી ધર્મેશ વંડરા દ્વારા આજના દિવસને યાદગાર દિવસ તરીકે વિદ્યાર્થી તથા તેમના માતા-પિતા અને સ્ટાફમિત્રો ને ભારતીય સંસ્કૃતિ અને સંસ્કાર ટકાવી રાખવા માટે કરેલ અદભુત અભિગમ પ્રત્યે આભાર વ્યક્ત કર્યો હતો.

# બોર્ડની શાળાકક્ષાની પ્રાયોગિક અને થિયરી પરીક્ષાઓનો પ્રારંભ કરાયો

ગાંધીનગર, તા. ૧૪

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ૧૨ માર્ચથી બોર્ડની પરીક્ષા લેવામાં આવનાર છે. પરંતુ તે પહેલા સ્કૂલ કક્ષાએ લેવામાં આવતી બોર્ડની પ્રાયોગિક અને થિયરીની પરીક્ષાઓ લેવાની હોય છે. આ પરીક્ષા ૧૪ ફેબ્રુઆરીથી રાજ્યની સ્કૂલોમાં શરૂ કરવામાં આવી છે. ધોરણ-૧૦માં બોર્ડ દ્વારા છ વિષયની પરીક્ષા લેવામાં આવે છે જ્યારે એક વિષયની પરીક્ષા સ્કૂલ કક્ષાએ લેવાય છે. આ ઉપરાંત ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ અને અન્ય પ્રવાહમાં પ્રાયોગિક પરીક્ષા પણ બુધવારથી જ શરૂ કરવામાં આવશે. આ તમામ પરીક્ષાઓ ૧૭ ફેબ્રુઆરી સુધીમાં પૂર્ણ કરી દેવાશે. ત્યારબાદ ૨૦ ફેબ્રુઆરીથી ધોરણ-૧૨ સાયન્સની પ્રેક્ટિકલ પરીક્ષાઓ શરૂ થશે તેમ સૂત્રોએ જણાવ્યું હતું.

ધોરણ-૧૦માં એક વિષયની પરીક્ષા લેવાની જવાબદારી બોર્ડ દ્વારા સ્કૂલોને સોંપવામાં આવેલી છે. જેથી સ્કૂલો ૧૪ ફેબ્રુઆરીથી લઈ ૧૭ ફેબ્રુઆરી દરમિયાન પોતાની રીતે આ પરીક્ષાનું આયોજન કરી પરીક્ષા પૂર્ણ થયા બાદ તેના ગુણ બોર્ડને મોકલી આપશે. જેથી બોર્ડ દ્વારા અંતિમ પરીક્ષા બાદ તે ગુણ માર્કશીટમાં દર્શાવવામાં આવશે. આ ઉપરાંત ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં સંગીત સહિતના અન્ય વિષયોની પ્રાયોગિક પરીક્ષા પણ ૧૪ ફેબ્રુઆરીથી શરૂ કરવામાં આવી છે અને આ પરીક્ષા ૧૭ ફેબ્રુઆરી સુધીમાં પૂર્ણ કરી દેવાશે. આમ, બોર્ડ દ્વારા સ્કૂલોને ૧૭ ફેબ્રુઆરી સુધીમાં આ પરીક્ષાઓ પૂર્ણ કરવા માટે સૂચના આપી દીધી છે. આ પરીક્ષા પૂર્ણ થયા બાદ ૨૦ ફેબ્રુઆરીથી ધોરણ-૧૨ સાયન્સના મુખ્ય ત્રણ વિષયની પ્રેક્ટિકલ પરીક્ષાઓ શરૂ થશે. સાયન્સમાં ફિઝિક્સ, કેમેસ્ટ્રી અને બાયોલોજીની પ્રેક્ટિકલ પરીક્ષા ૨૦ ફેબ્રુઆરીથી શરૂ કરવામાં આવશે અને ૨૪ ફેબ્રુઆરીના રોજ આ પરીક્ષાઓ પૂર્ણ કરી દેવાશે. ત્યારબાદ ફેબ્રુઆરી માસના અંત સુધીમાં તમામ પરીક્ષાઓના પરિણામ તૈયાર કરી તેના ગુણ સ્કૂલોએ બોર્ડને મોકલી દેવાના રહેશે. આમ, સ્કૂલો ફેબ્રુઆરી માસના અંત સુધીમાં બોર્ડની પહેલા તબક્કાની કામગીરીમાંથી મુક્ત થશે ત્યારબાદ ૧૨ માર્ચથી બોર્ડની પરીક્ષાઓનો પ્રારંભ થશે.

## એલડીઆરપી દ્વારા આજથી બે દિવસીય 'ઝેનેસિસ-૨૦૧૮'

ગાંધીનગર, તા. ૧૪

એલડીઆરપી ઈન્સ્ટીટ્યુટ ઑફ ટૅકનોલૉજી ઍન્ડ રિસર્ચ, ગાંધીનગર દ્વારા રાષ્ટ્રકક્ષાના ટૅકનીકલ સિમ્પોઝિયમ 'ઝેનેસિસ'નું આયોજન ઈનોવેટ ઈન્ડિયાનું આયોજન ગુરુવાર, તા. ૧૫ ફેબ્રુઆરીથી બે દિવસ માટે કરવામાં આવ્યું છે. ઝેનેસિસનો ઉદ્દેશ્ય છે ઍક્સ્ટ્રીમ ઈવોલ્યુશન ઑફ ટૅકનોલૉજી. દેશભરમાંથી ૨૫૦૦ જેટલા સાજેદારો અને ૫૦૦૦ જેટલા મુલાકાતીઓ આ કાર્યક્રમમાં જોડાઈ રહ્યા છે.

આ અનોખા કાર્યક્રમમાં કુલ ૩૮ જેટલી ઈવેન્ટ્સનો સમાવેશ કરવામાં આવ્યો છે, જેમાં રૉબૉટિક્સ, કમ્પ્યુટીંગ ઍન્ડ ગેમિંગ, બ્રિજ ઍન્ડ બિલ્ડીંગ્સ, ઈલેક્ટ્રીકલ ઍન્ડ ઈલેક્ટ્રૉનિક્સ તથા બિઝનેસ મૅનેજમૅન્ટ્સનો સમાવેશ કરવામાં આવ્યો છે.

# ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા માર્ગસલામતી વિષયે સૅમિનાર




ગાંધીનગર, તા. ૧૪

એક અંદાજ મુજબ ભારતમાં દરવર્ષે માર્ગ અકસ્માતને કારણે દોઢ લાખ લોકો મૃત્યુ પામે છે, અને સાડા ચાર લાખ લોકો ઘાયલ થાય છે, તથા દર કલાકે સત્તાવન અકસ્માત થાય છે. જે પૈકી સત્તર જેટલા પ્રાણઘાતક હોય છે. આંતરરાષ્ટ્રીય સર્વેક્ષણ અનુસાર વિશ્વમાં અકસ્માત દ્વારા મૃત્યુ પામનાર વ્યક્તિઓના ના દેશ માં રશિયા પછી ભારત બીજા નંબરે આવે છે.

આ સર્વેમાં એ પણ ધ્યાને આવ્યું છે કે અકસ્માતમાં ચૌદ થી પચ્ચીસ વર્ષના યુવાનો સૌથી વધારે ભોગ બન્યા છે. તો આ એક ખૂબ જ ચિંતાનો વિષય છે, તો આનો ઉકેલ શું ? - જરૂર છે નિયમોની સમજ અને તેનું ચુસ્તપણે પાલન. અકસ્માત કોઈ બાળક કે વ્યક્તિને થાય છે પણ તેનું પરિણામ આખા કુટુંમ્બને ભોગવવું પડે છે. તો બાળક વાહનવ્યવહારના નિયમોથી વાકેફ થાય અને તેને અનુસરે તે શુભ આશયથી શાળામાં RTO ગાંધીનગર કચેરીના સહયોગથી "માર્ગ સલામતી" ની સમજ આપતા સેમિનાર નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધોરણ ૫ થી ૯ સુધીના વિદ્યાર્થીઓએ ખૂબ જ રસ પૂર્વક ભાગ લીધો હતો.

# ભવનાથના મેળાને મિનિ કુંભમેળાનો દરજ્જો

ગાંધીનગર, તા. ૧૪

લાંબા સમયથી સંતો-મહંતો દ્વારા વ્યકત કરાતી લાગણીને પગલે, જેની આતુરતાપૂર્વક રાહ જોવાઈ રહી હતી એવો મહત્વપૂર્ણ નિર્ણય મંગળવારે ભવનાથના સાંનિધ્યમાં મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જાહેર કર્યો હતો. ભવનાથના પરંપરાગત મહાશિવરાત્રીનો મેળો આગામી વર્ષથી મિનિકુંભમેળા તરીકે ઓળખાશે એવી જાહેરાત તેમણે કરી હતી. આ ઉપરાંત મુખ્યમંત્રીએ ગિરનાર ડેવલપમેન્ટ ઓથોરિટી રચવાનું પણ જાહેર કરતા સંતો-મહંતોએ "હર હર મહાદેવ"ના નાદ સાથે આ બંને જાહેરાતને વધાવી લીધી હતી. .

ભવનાથના સંતો-મહંતોએ મિનિકુંભમેળાની માન્યતા માટેની વર્ષો જુની માંગ તાજેતરમાં બળવતર બનાવી હતી અને સરકારે એમની સાથે એ મામલે બેઠક પણ કરી હતી, જેથી આ વખતે આ જાહેરાત અપેક્ષિત લેખાતી હતી. "નવગુજરાત સમય" દ્વારા એકથી વધુ વખત તેના અણસાર અપાયા હતા. આજે સાંજે ભવનાથ આવી પહોંચેલા મુખ્યમંત્રી વિજય રૂપાણીએ મહાદેવને જલાભિષેક બાદ જાહેર કર્યુ હતું કે આગામી વર્ષથી જ આ ભવનાથ શિવરાત્રી મેળો, મિનિ કુંભમેળા તરીકે ઓળખાશે. દેશભરના સાધુ-સંતોની તેમાં ઉપસ્થિતિ રહેતી હોઈ આ માન્યતા યથાર્થ બની રહેશે. સ્થળ પર ઉપસ્થિત વિશાળ જનમેદની તથા સંતો-મહંતોએ આ જાહેરાત સાથે જ "હર હર મહાદેવ"ના નારાથી વાતાવરણને ઔર ભકિતમય બનાવી દીધુ હતું.. મુખ્યમંત્રીએ આ ઉપરાંત અન્ય એક મહત્વપૂર્ણ જાહેરાતરૂપે ગિરનાર ડેવલપમેન્ટ ઓથોરિટીની રચનાનો ઉલ્લેખ કરીને ઉમેર્યુ કે જુનાગઢ અને ગિરનારના વિકાસ માટે જેટલું પણ ફંડ જરૂરી હશે તે સરકાર તરફથી મળી રહેશે, તથા આ વિકાસ સત્તામંડળમાં સંતો-મહંતોને પણ સમાવી લેવામાં આવશે.

### પ્રમુખ સ્વામી સાયન્સ એન્ડ એચ.ડી.પટેલ આર્ટ્સ કોલેજ, કડી ખાતે

# પર્યાવરણ જાળવણી અંગે રાષ્ટ્રીય કોન્ફરન્સ યોજાઈ






ગાંધીનગર, તા. ૧૪

સર્વ વિદ્યાલય કેમ્પસ કડી ખાતે તા.૧૦,૧૧ ફેબ્રુઆરી ૨૦૧૮ દરમ્યાન "માઈક્રો-બાયોટેકનોલોજીની મદદથી પર્યાવરણના વૈશ્વિક પ્રશ્નોનો ઉકેલ" એ મુદ્દાને આધારિત ગુજરાત સ્ટેટ બાયોટેકનોલોજી મિશન–ડીપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી ગુજરાત સરકારના ઉપક્રમે રાષ્ટ્રીય કોન્ફરન્સ પ્રમુખ સ્વામી સાયન્સ એન્ડ એચ. ડી. પટેલ આર્ટ્સ કોલેજ અને એચ. વી. એચ. પી. ઈન્સ્ટીટયુટ ઓફ પોસ્ટ ગ્રેજ્યુએટ સ્ટડીઝ એન્ડ રીસર્ચ, કડી કોલેજના યજમાન પદે યોજાઈ હતી.

આ કોન્ફરન્સમાં ભારતભરમાંથી ૧૭૦ થી વધુ તજજ્ઞો, અધ્યાપકો તથા સંશોધનકર્તા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ઉદઘાટન પ્રસંગે સિન્ટેક્ષ ગ્રુપ ઓફ કંપનીના ડાયરેક્ટર અને આઈઆઈઍમ અમદાવાદના એલ્યુમની શ્રી એસ.બી.ડાન્ગાયચ સાહેબે જણાવ્યું હતું કે પર્યાવરણની જાળવણી અને બચાવ માટે સર્વે લોકોએ સાથે કામ કરવાની જરૂર છે. નેચરલ રીસોર્સીસના મહત્તમ ઉપયોગથી આપણે ઉર્જા માટે સ્વાવલંબન અપનાવવાની જરૂર છે. તેમનો ઉદેશ્ય હતો કે કોઈ એક વ્યક્તિ માટે કે એક જગ્યાનો વેસ્ટ (કચરો) એ બીજા માટે રીસોર્સ બની રહે છે. કચરામાંથી કંચન બનાવવા માટેની જુદીજુદી પધ્ધતિઓ વિકસાવવા માટે બાયોટેકનોલોજીનો ફાળો મહત્વનો છે. તેમણે સંશોધકોને અપીલ કરી હતી કે નવી નવી પધ્ધતિઓ વિકસાવવામાં આવે જેના દ્વારા **Perfect Waste Management** સાથે પર્યાવરણની જાળવણી કરી શકાશે. કોન્ફરન્સના કી-નોટ સ્પીકર તરીકે લખનૌથી સેન્ટ્રલ યુનીવર્સીટીમાંથી પધારેલા પ્રો.રામચંદ્રએ ઈન્ડસ્ટ્રીયલ વેસ્ટ મેનેજમેન્ટ એન્ડ ટ્રીટમેન્ટ વિશે માહિતી આપી હતી. જુદાજુદા માઈક્રો ઓર્ગેનીઝમ્સ તથા પ્લાન્ટસનો ઉપયોગ કરીને ઈન્ડસ્ટ્રીયલ વેસ્ટમાંથી હેવી મેટલ આયન્સ દુર કરી શકાય જેના વિશે પ્રો.રામચંદ્ર સાહેબે વિસ્તૃત ચર્ચા કરી હતી. આ પ્રસંગે ઈન્દોરથી પધારેલા પ્રો. શિતલ ભસીને એગ્રીકલ્ચરમાં માઈક્રો ઓર્ગેનીઝમનો કેવી રીતે સફળ ઉપયોગ કરી શકીએ તેના વિશે માર્ગદર્શન આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે રાસાયણિક ખાતરો તથા જંતુનાશકોના વધારે પડતા ઉપયોગના કારણે પ્રદુષણ વધ્યું છે. જેના બદલે જૈવિક ખાતરો તથા બેકટેરિયાના ઉપયોગ દ્વારા ખેતપેદાશોથી ગુણવત્તા વધારી શકાય છે. સાથે સાથે પર્યાવરણની પણ જાળવણી થઈ શકે છે.

પાટણની ઉત્તર ગુજરાત યુનીવર્સીટીના એન્વાયરમેન્ટ સાયન્સ ડીપાર્ટમેન્ટના પ્રો. નિશિથ ધારૈયાએ **Wildlife Conservation** વિશે વિસ્તૃત ચર્ચા કરી હતી. અત્યારે જંગલોનો જે રીતે વિનાશ થઈ રહ્યો છે જેના કારણે વન્યજીવોનું અસ્તિત્વ જોખમમાં છે. તો તેમની ટીમ દ્વારા થયેલા એક રીસર્ચ દ્વારા તેઓએ ગુજરાતમાં સ્લોથબેર માટેના પુનઃસ્થાપન માટેના સંભવિત વસવાટો કયા હોઈ શકે તે અંગે વિસ્તૃત અહેવાલ આપ્યો હતો. એબેલોન ક્લીન એનર્જી લિ. કંપનીના R & D હેડ ડૉ.બીના પટેલે જણાવ્યું હતું કે કુદરતી સ્ત્રોતોના મહત્તમ ઉપયોગ દ્વારા ઉર્જા પ્રાપ્તીની વિવિધ પધ્ધતિઓને અપનાવવાથી જ પર્યાવરણની જાળવણી શક્ય બનશે. સંસ્થાના ચેરમેનશ્રી વલ્લભભાઈ પટેલ સાહેબે પર્યાવરણની જાળવણી માટે સંશોધન ખૂબ જરૂરી હોવાનું જણાવી સંશોધકોને આ બાબતે નવા ઉકેલો શોધવા પ્રોત્સાહિત કર્યા હતા. હમ્બોલ્ટ સ્ટેટ યુનીવર્સીટી, અમેરિકાના પ્રો.વિઠ્ઠલભાઈ પટેલે ઈન્ડસ્ટ્રીયલ વેસ્ટ મેનેજમેન્ટ પરનાં સંશોધન પર ભાર મૂકવા સંશોધકોને જણાવ્યું હતું.

પ્રિ. ડૉ.અજય ગોર સાહેબે તેમના સ્વાગત પ્રવચનમાં પર્યાવરણને લગતી વૈશ્વિક પાંચ સમસ્યાઓ જેવી કે જંગલોનો વિનાશ, જમીન પ્રદુષણ, વેસ્ટ મેનેજમેન્ટ, વસ્તી વધારો, કલાઈમેટ ચેન્જ : દેશની સમસ્યાઓ અને ગુજરાતમાં પર્યાવરણને લગતા જરૂરી સંશોધનો વિશે વિદ્યાર્થીઓને જણાવી તેના ઉકેલ માટેની વિવિધ પધ્ધતિઓ વિકસાવવા માટે વિદ્યાર્થીઓને અપીલ કરી હતી.

પ્રિ. ડૉ.મીનલ ત્રિવેદીએ આભાર વિધિ કરતા જણાવ્યું હતું કે સંસ્થા દ્વારા યોજાયેલ આ બે દિવસની કોન્ફરન્સમાં જુદા જુદા વિષયો જેવા કે વૈશ્વિક પર્યાવરણીય સમસ્યાઓ, ઈકોલોજી, એન્વાયરમેન્ટલ કન્ઝર્વેશન, પર્યાવરણની જાળવણી માટે બાયોટેકનોલોજીનો ઉપયોગને આવરી લેવામાં આવ્યા છે. જે સંશોધકો માટે મહત્વનો ઉપયોગી રહેશે. આ કોન્ફરન્સમાં ૮૪ જેટલા સંશોધનપત્રો રજુ થયા હતા. પ્રા.કમલેશ શાહ અને ડૉ.કલાવતી પ્રજાપતિએ સમાપન સમારંભમાં સર્વે સંશોધકો તથા ગુજરાત સ્ટેટ બાયોટેકનોલોજી મિશનનો આભાર માન્યો હતો.